Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net

Volume-11,Issue-4,March-2018

# "નવપરણિત યુવતીઓમાં અનુકૂલનની સમસ્યાઓ – એક સમાજશાસ્ત્રીય અભ્યાસ"

પરમાર ઔચિત્યાદેવી એસ.

પી.એચ.ડી. સ્કોલર, અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ

સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર

સમાજ એ માત્ર માનવીઓનો સમુદાય કે એકત્રીકરણ નથી. પરંતુ તેમની વચ્ચેના સામાજીક સંબંધોની વ્યવસ્થા છે. આ સામાજીક સંબંધોનું ક્ષેત્ર અત્યંત વિશાળ છે. જેમાં માનવી એક સામાજીક પ્રાણી તરીકે પ્રત્યેક વ્યક્તિ સાથે કોઈ ને કોઈ સંબંધથી જોડાયેલા હોય છે. જેમ કે રક્તસંબંધોથી, સગાઈનાસંબંધોથી, સહકારનાસંબંધોથી, લાગણી કે સહાનુભૂતિની ભાવનાથી એકબીજાની સાથે જોડાયેલા હોય છે. આમ સમાજના ઉદ્દભવ વિકાસ અને ઘડતરમાં પાંચ સાર્વત્રિક સંસ્થાઓ મહત્વનો ભાગ ભજવતી હોય છે. જેવી કે ધર્મસંસ્થા, આર્થિકસંસ્થા, શિક્ષણસંસ્થા, કુટુંબસંસ્થા અને લગ્નસંસ્થાનો સમાવેશ થાય છે. ટૂંકમાં વ્યક્તિનું સમગ્ર જુથજીવન સંસ્થાકીય માળખામાં જીવાય છે. પ્રત્યેક સમાજ જે કંઈ પ્રવૃત્તિઓ કરે છે. તે તેની સંસ્થાઓ દ્વારા શક્ય બને છે. એટલું જ નહિ પણ આ સંસ્થાઓ દ્વારા પ્રત્યેક સમાજના સાંસ્કૃતિક વારસાનું સાતત્ય જળવાય રહે છે. પરંતુ આ બધી સામાજીક સંસ્થાઓને કેટલાક નીતિનિયમો, ધોરણો, મૂલ્યો હોય છે. સમાજ વ્યક્તિને તે અનુસરવા પ્રેરે છે. તો કેટલાક નીતિનિયમો મુલ્યો, સમાજ પર અંકુશ મુકે છે. આમ દરેક સંસ્થાઓમાં સતત પરિવર્તન આવતું રહે છે.

સમાજમાં પ્રવર્તતી આ પાંચ સાર્વત્રિક સંસ્થાઓમાં કુટુંબસંસ્થા, અને લગ્નસંસ્થા મુખ્ય છે. તેથી જ સમાજના સાતત્ય, સંવર્ધન અને વિકાસનો આધાર લગ્નસંસ્થા ઉપર રહેલો છે. સમાજશાસ્ત્રી ટાલ્કોટ પારસન્સે સમાજની કાર્યાત્મક આવશ્યકતાઓની ચર્ચા કરી છે. કાર્યાત્મક આવશ્યકતાઓ પ્રમાણે સમાજની મૂળભૂત આવશ્યકતા સમાજને નવા સભ્યોની છે. જુના સભ્યો વિદાય લે છે. એટલે કે વયોચિત મૃત્યુ પામે તો આ રિક્ત સ્થાનો પર નવા સભ્યોનો ઉમેરો કરવો પડે છે. અને નવા સભ્યોનો ઉમેરો થાય તો જ સમાજની સાતત્યતા જળવાય રહે છે. સમાજમાં નવા સભ્યો અને તે પણ સમાજ માન્ય કાયદેસરના સભ્યો ઉમેરાવા જોઈએ અને તે માટે સ્ત્રી – પુરૂષના લગ્ન આવશ્યક છે.

લગ્ન શબ્દ સંસ્કૃત ભાષાના **लग** શબ્દ પરથી ઉતરી આવ્યો છે. તેના શબ્દાર્થ જોતા લગ્ન એટલે સ્ત્રી – પુરુષના દેહનું જોડાણ એમ કહી શકાય.[1]"જ્હોન્સન સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપતા લખે છે કે "સમાજશાસ્ત્ર સામાજિક જૂથોનો અભ્યાસ કરે છે. આવા જૂથોના આંતરિક સંગઠનના સ્વરૂપો, તેને ટકાવી રાખતી તથા તેમાં પરિવર્તન લાવતી પ્રક્રિયાઓ અને જૂથો વચ્ચેના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરે છે." ભારતમાં હિન્દુધર્મમાં થતા 'લગ્ન' ને સોળ સંસ્કારોમાનો એક સંસ્કાર ગણવામાં આવ્યો છે. જેમાં લગ્ન એ માત્ર બે વ્યક્તિઓનું મિલન નહી પરંતુ બે પવિત્ર આત્માઓનું મિલન ગણવામાં આવ્યું છે. જેમાં સામાજીકસંસ્થાઓનો નીતિનિયમો અને પરંપરાગત ધાર્મિક વિધીવિધાનોનું ખુબ મહત્વ રહેલું છે. લગ્નના બંધનમાં જોડાનાર સ્ત્રી – પુરૂષ (યુગલને) અગ્નિની સાક્ષીમાં એ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે કે જીવનભર એકબીજાને વફાદાર રહીશું. એકબીજાનું સન્માન કરીશું. જીવનમાં આવનારી સારી કે ખરાબ પરિસ્થિતિઓમાં એકબીજાની સાથે પડછાયાની જેમ ઊભા રહીશું. અહી સ્ત્રી – પુરૂષને સમાનતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. પરંતુ ભારતીય સમાજમાં સદીઓથી પુરુષોનું જ વર્ચસ્વ રહેલું છે. જ્યારે સ્ત્રીની ભૂમિકાને પુરુષ કરતા ઉતરતી કક્ષાની ગણવામાં આવી છે.

---

[1] **સમાજશાસ્ત્રીય પરિચય, જ્હોનસન્સ**

વર્તમાન વાસ્તવિકતામાં પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ અને વધતા જતા ઉચ્ચ શિક્ષણ અને વ્યવસાય ક્ષેત્રોમાં પુરુષોની સમકક્ષ તક મળી હોવાથી સ્ત્રીઓના પારંપરિક દરજ્જામાં તથા વિચારસરણીમાં પરિવર્તન આવેલું છે. તેઓએ સંપૂર્ણ પણે જૂની પરંપરાઓને ત્યજી દીધી છે એવું નથી. પરંતુ શિક્ષણનાં કારણે તેમના વિચારોમાં પરિવર્તન આવ્યું છે. તેથી તે પોતાનું જીવન સ્વતંત્ર અને મુક્ત રીતે જીવવાની ઈચ્છા રાખે છે. પરંતુ સ્ત્રીની દ્રષ્ટિએ લગ્ન એ બે વ્યક્તિઓનું જોડાણ નહિ પણ બે કુટુંબોનું જોડાણ છે. જેમાં નવપરણિત યુવતીને પોતાની ‘સ્વ’ ઓળખ, ઈચ્છાઓ, સ્વપ્નોને ત્યજીને યુવકના કુટુંબ સાથે અનુકૂલન સાધવું પડે છે. અહી યુવતી એક ઘરની સંસ્કૃતિ છોડીને બીજા ઘરની સંસ્કૃતિમાં જાય છે. ત્યારે તે હંમેશા તે પરિવારને અનુરૂપ થવા પ્રયત્નો કરતી હોય છે. તેના વર્તન વ્યવહારો અને ખાસ કરીને એક પત્ની, વહુ, ભાભી, દેરાણી, જેઠાણીનાં રૂપમાં ભૂમિકા કે ફરજો બજાવતી હોય છે.

પરંતુ લગ્ન બાદ સ્ત્રીને એક નવા કુટુંબના સામાજીક રીતરીવાજોને પોતાના દૈનિક કાર્યમાં અનુસરવા સાસરીમાં કેટલાક રૂઢીચુસ્ત નિયમોને વળગી રહેવું. દરેક કાર્યોમાં સૌની મંજૂરી લેવી કે તેમના સલાહ સૂચનો પ્રમાણે વર્તવું આવા સમયે સાસરીપક્ષના વડીલો અને વહુના જનરેશન ગેપના કારણે તેમના વિચારો ભિન્ન હોવાથી ઘરમાં દરરોજ માનસિક સંઘર્ષના પ્રશ્નો ઉભા થતા રહે છે. જેથી કારણે પરણિત યુવતી પોતાના રોજીંદા જીવનમાં બંધનનો અનુભવ કરે છે. અને તેનું મુખ્ય કારણ પિયરપક્ષે મળેલી સ્વતંત્રતા. જ્યારે બીજી બાજુ સાસરીપક્ષે પરિવારની જવાબદારીઓનો બોજો હોવાથી તેવોના દામ્પત્ય જીવનમાં અનુકૂલાનાની સમસ્યાઓ ઉભી થાય છે.

પ્રસ્તુત અભ્યાસ નવપરણિત યુવતીઓમાં અનુકૂલનની સમસ્યા એક સમાજશાસ્ત્રીય અભ્યાસ અભ્યાસક્ષેત્રે તરીકે દાહોદ જીલ્લાના ૮ તાલુકામાંથી ૨ તાલુકાના ૧૭૦ ગામોમાંથી લોટરી પદ્ધતિ દ્વારા 12 ગામોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ૨ વર્ષ સુધીના સમયગાળામાં જે યુંવાતીઓના લગ્ન થયેલ હોય તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આકસ્મિક હેતુપૂર્વક યદ્દચ્છ નિદર્શન દ્વારા મુલાકાત

લેવામાં આવી છે. અહીં સ્નોબોલ પદ્ધતિ, નિરીક્ષણ પદ્ધતિ, મુલાકાત અનુસૂચી જેવી પદ્ધતિઓ દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ સંશોધનની શરૂઆતમાં પાંચ નવપરણિત યુવતીઓની મુલાકાત લઈને પાયલોટ રિસર્ચ હાથ ધરવામાં આવ્યો હતો. આ પાયલોટ રિસર્ચનાં આધારે મુલાકાત અનુસૂચિમાં ફેરફાર કરીને અંતે મુલાકાત અનુસૂચી તૈયાર કરવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસમાં કેટલીક ઉત્કલ્પનાઓને આધારે નક્કી કરવામાં આવ્યો છે.

- લગ્નબાદ સ્ત્રી માટે નવા સામાજિક રિતીરીવાજોને અપનાવવામાં ઉભી થતી મુશ્કેલી હોય શકે.
- સાસરી પક્ષના સભ્યોની વર્તનવ્યવહારને સમજીને તેમની સાથે સબંધો ટકાવવી રાખવા તે હોય શકે.
- પિયરપક્ષમાં યુવતીને મળેલી 'સ્વ' નિર્ણય લેવાની સ્વતંત્રતા સાસરીપક્ષે અન્યની આજ્ઞાઓને અનુસરવું તે હોય શકે.
- પતિ – પત્નીનાં વિચારોમાં મતભેદ હોય શકે.

આમ, વિવિધ ઉત્કલ્પનાઓ ઘડી અભ્યાસના હેતુઓની રચના કરવામાં આવી છે.

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુઓ આ મુજબ છે.

- નવપરણિત યુવતીઓની સામાજિક આર્થિક પાર્શ્વભૂમિકા
- નવપરણીત યુવતીના કુટુંબીજનો સાથેના સંબંધ તપાસવા.
- નવપરણિત યુવતીના કુટુંબીજનો સાથેની અનુકૂલનની સમસ્યા તપાસવી.

ઉપરોક્ત સંશોધનનાં તારણો નીચે પ્રમાણે છે.

- ૨૫ ઉત્તરદાતાઓ ૧૮ થી ૨૧ વર્ષની વયજૂથ ધરાવે છે.
- ૨૫ ઉત્તરદાતાઓ ૨૨ થી ૨૫ વર્ષની વયજૂથ ધરાવે છે.

- ૨૫ ઉત્તરદાતાઓ ૨૬ થી ૨૯ વર્ષની વયજૂથ ધરાવે છે.
- ૨૫ ઉત્તરદાતાઓ ૩૦ થી ૩૩ વર્ષની વયજૂથ ધરાવે છે.

અહીં ઉંમર એવો સમયગાળો છે જેમાં એક તરફ અભ્યાસ ચાલુ હોય છે કાં તો નોકરી મેળવવા સંઘર્ષ કરવામાં આવે છે. તેથી અભ્યાસમાં ઉંમરને કેન્દ્રમાં રાખવામાં આવી છે. છોકરાની ઉંમર ૨૧ વર્ષની અને છોકરીઓની ઉંમર ૧૮ વર્ષે લગ્ન માટે સરકાર દ્વારા માન્ય ગણવામાં આવી છે. તેથી અહીં નવપરણિત યુવતીઓની ઉંમરને ધ્યાનમાં રાખવામાં આવી છે.

પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાનો ધર્મ તપાસવામાં આવ્યો છે. [2]"મેલિનોવાસ્કીનાં મત મુજબ 'બધા જ માનવ સમાજમાં ધર્મની બાબતમાં એકતા હોય છે અને માનવજીવનની જરૂરીયાતમાંથી ધર્મ જન્મ્યો છે.'"

- ભારતદેશને સર્વધર્મ સમભાવનાનું પ્રતિક માનવામાં આવ્યું છે. આથી અહી હિન્દુધર્મ પાળનાર લોકોની સંખ્યા વધુ હોવાથી પ્રસ્તુત અભ્યાસમાં ૮૦ ઉત્તરદાતાઓ હિન્દુ ધર્મના જોવા મળ્યા છે. જ્યારે ૨૦ ઉત્તરદાતાઓ મુસ્લિમધર્મના છે.

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાની જ્ઞાતિ તપાસવામાં આવી છે. જેમાં ઓપન, ઓ.બી.સી., એસ.ટી., એસ.સી. કેટેગરીનો નો સમાવેશ થાય

- અહી દરેક જ્ઞાતિઓને પોતાના કાયદાકાનૂનો હોવાથી પોતાની જ જ્ઞાતિમાં લગ્ન લગ્નવીધીઓ, સામાજિક રીવાજોને ચુસ્તપણે અનુસરવામાં આવતા હોય છે. જેમાં ઓપન ૨૦ ઉત્તરદાતાઓ, ઓ.બી.સી. ૪૦, એસ.સી ૨૦ અને એસ.ટી. ૨૦

---

[2] **ધર્મનું સમાજશાસ્ત્ર, મેલિનોવાસ્કી**

ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. અને વર્તમાન સમયમાં જ્ઞાતિના બંધનોમાં પરિવર્તન આવતું જોવા મળી રહ્યું છે.

- પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાનાં શિક્ષણ અંગે માહિતી મેળવવામાં આવી છે. જેમાં ૫૬ ઉત્તરદાતાઓએ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ મેળવેલ છે. જ્યારે ૪૪ ઉત્તરદાતાએ માધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવેલ છે.
- ગ્રામીણ સમાજમાં આજે પણ સ્ત્રેઓને ઓછું શિક્ષણ આપવામાં આવે છે. તેમણે ગૃહકાર્ય શિક્ષણ લેવાની ફરજ પાડવામાં આવે છે. અહી આપણને સ્ત્રી શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા દાખવવામાં આવે છે. અને સ્ત્રીને ઓછું શિક્ષણ આપવામાં આવે છે.
- પ્રસ્તુત સંશોધનમાં નવપરણિત યુવતીના જીવનસાથીના શિક્ષણ અંગે માહિતી મેળવવામાં આવી છે. જેના ૬૫ ઉત્તરદાતાઓના પતિ વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવેલ છે. જ્યારે ૩૫ ઉત્તરદાતાનાં પતિએ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ મેળવેલ છે.
- અહી જોઈ શકાય છે કે વ્યક્તિના જ્ઞાનાત્મક જગતના વિકાસ માટે શિક્ષણ મહત્વનું છે. શિક્ષણ વ્યક્તિત્વના વિકાસમાં અગત્યનું ભૂમિકા ભજવે છે.
- સંશોધનમાં જીવનસાથીના વ્યવસાય અંગેની માહિતી મેળવવામાં આવી છે. જેમાં ૩૯ ઉત્તરદાતાઓના પતિ સરકારી વ્યવસાય કરે છે. ૬૧ ઉત્તરદાતા ખાનગી વ્યવસાય સાથે સંકળાયેલા છે. ખાનગી વ્યવસાયમાં તેઓ કંપનીમાં કે અન્ય જગ્યાએ વ્યવસાય સાથે સંકળાયેલા છે.

અહીં જોઈ શકાય છે કે સામાજીક માન્યતા પ્રમાણે આર્થિક ઉપાર્જનની જવાબદારી પુરુષના શિરે છે. પુરૂષોની આર્થિક પ્રવૃત્તિ જેટલી સદ્ધર હોય તેટલું જ તેનું સમગ્ર કુટુંબ આર્થિક રીતે સદ્ધર બને છે. અહી આર્થિક બાબત આજે પણ મહત્વની છે.

- પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાનું સાસરી પક્ષમાં સ્થાન કેવું છે તે અંગે માહિતી મેળવી છે. જેમાં ૮૬ ઉત્તરદાતા સાસરીમાં માધ્યમ સ્થાન ધરાવે છે. 14 ઉત્તરદાતા ઉચ્ચ સ્થાન ધરાવે ચેહ.

  અહી પરંપરાગત સમાજમાં સ્ત્રીનું સ્થાન ઘરની ચાર દીવાલ પૂરતું માર્યાદિત હતું. પરંતુ બ્રિટિશ યુગ દરમ્યાન શિક્ષણનો પ્રચાર – પ્રસાર થતા સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન આવતું જોઈ શકાય છે.

- પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાના વધુ શિક્ષણ અંગે જીવનસાથીની પ્રતિક્રિયા અંગે માહિતી મેળવી છે. ૭૫ ઉત્તરદાતાના જીવનસાથી વધુ અભ્યાસ માટે પરવાનગી આપે છે. જ્યારે ૨૫ ઉત્તર્દાતાને તેમના પતિ અને સાસરી પક્ષ તરફથી વધુ શિક્ષણ લેવા માટે પરવાનગી આપવામાં આવતી નાથી.

  અહીં, આજે પણ સ્ત્રીને કોઈપણ કામ હોય પતિ, પિતા કે અન્ય વડીલ વ્યક્તિને પૂછીને જ કરવાનું કેહવામાં આવી છે. તેને હંમેશા અન્ય પર આધીન રાખવામાં આવે છે. પરંતુ વર્તમાન સમયમાં સ્ત્રીઓ પુરુષ સાથે કદમ મિલાવતી થઇ છે.

- પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાનાં ઘરમાં પ્રવર્તતા રસોઈ પ્રવેશ અંગેના નીતિ નિયમોની માહિતી મેળવવામાં આવી છે. ૪૬ ઉત્તરદાતાઓના ઘરમાં સ્નાન કર્યા પછી રસોઈ પ્રવેશ કરવાનો નિયમ છે. ૨૮ ઉત્તર્દાતાના ઘરમાં રજસ્વલા દરમ્યાન રસોઈ પ્રવેશ પર નિષેધ છે. જ્યારે ૨૬ ઉત્તરદાતાના ઘરમાં રસોઈ પ્રવેશ કરવા અંગેના કોઈ નીતિ નિયમો નથી.

  અહી, સમાજમાં ધાર્મિક માન્યતા અને બે પેઢીઓ વચ્ચેના વિચાર વર્તનમાં એક મોટી ફાલ (અંતર) જોવા મળે છે.

- પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાના નણંદ સાથે મતભેદ સર્જાયા પાછળના કારણોની માહિતી મેળવવામાં આવી છે. ૫૮ ઉત્તરદાતા નણંદ સાથેની તકરારનું મુખ્ય કારણ ઘરકામને લઈને થાય છે. જ્યારે ૪૨ ઉત્તરદાતાઓ અન્ય કારણો

આપે છે. જેમાં ઘમંડી સ્વભાવ, પતિને બિનજરૂરી ખર્ચ કરાવે તેથી, સાસુની કાનભંભેરણી કરતા હોવાથી ઘરમાં મતભેદના પ્રશ્નો સર્જાય છે.

અહીં જોઈ શકાય કે પ્રાચીન સમયથી જ નણંદ – ભાભીના સંબંધો એ સંઘર્ષ કે વિવાદાસ્પદ રહ્યા છે. જ્યારે નણંદ – ભાભી પર વર્ચસ્વ ભોગવાનો પ્રયત્ન કરે છે. ત્યારે તેમાંથી કેટલીક વખત કૌટુંબિક સંઘર્ષ ઉદ્દભવે છે.

- પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાના દેરાણી – જેઠાણી વચ્ચેના સબંધો અંગેની માહિતી મેળવવામાં આવી છે. ૪૮ ઉત્તરદાતાને જેઠાણી – દેરાણી નથી. ૩૪ ઉત્તરદાતાના દેરાણી – જેઠાણી સાથે ઠીક ઠાક સંબંધો છે. ૨૨ ઉત્તરદાતાના દેરાણી – જેઠાણી મતભેદ સર્જાતા રહે છે.

અહી કહી શકાય કે આજે પણ દેરાણી જેઠાણીના સંબંધોમાં તકરાર થતી રહે છે. ત્યારે નવપરણિત સ્ત્રીને અનુકૂલનનાં પ્રશ્નો વિકટ બને છે. જેઠાણી કે દેરાણી નવપરણિત સ્ત્રી પર પોતાના હુકમ ચલાવે છે. ત્યારે આવા પ્રશ્નો કુટુંબમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે.

- લગ્ન બાદ ભવિષ્યમાં ઇચ્છિત બાળકોના સમયગાળા અંગેની માહિતી મેળવવામાં આવી છે. જેમાં ૩૫ ઉત્તરદાતાના બાળકોની ઈચ્છિત સમયગાળામાં ભગવાનની ઈચ્છા જણાવે છે. ૩૯ ઉત્તરદાતા લગ્ન સમયના ૩ વર્ષ પછી બાળક ઈચ્છે છે. જ્યારે ૨૬ ઉત્તરદાતાઓએ આ અંગે માહિતી આપી નથી.

વર્તમાન સમયમાં વધતીજતી મોંઘવારી અને શિક્ષણના કારણે નવયુગલોની વિચારસરણીમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. નવદંપતીઓ પ્રથમ પોતે વ્યવસાયિક રીતે સદ્ધર થાય અથવા આર્થિક રીતે પગભર બને ત્યાર બાદ બાળકો અંગે વિચારતા થયા છે. આમ, સમગ્ર વિચારાસરનીમાં આધુનિક વિચારોના દર્શન થાય છે.

આના પરથી એ તારણો રૂપે કેટલાક મહત્વના મુદ્દાઓની છણાવટ કરી છે.

- વર્તમાન સમયમાં પણ યુવક કે તેના ઘરના કુટુંબીજનો વધુ શિક્ષિત અને કમાતી સ્ત્રી જીવનસાથી તરીકે ઓછું મહત્વ આપે છે. તેઓ માને છે કે શિક્ષિત અને કમાતી સ્ત્રી પોતાના કહ્યામાં નહિ તે બાબતોનો ડર જોવા મળે છે. અને તેના કારણે કુટુંબમાં સંઘર્ષ અને મતભેદો સર્જાય છે.
- જે કુટુંબમાં બે ભાઈઓ હોય છે ત્યાં બે વહુઓ હોવાથી તેમના પ્રત્યે સાસુના વર્તનમાં મહદઅંશે તફાવત જોવા મળે છે. જેના કારણે ભેદભાવ અને ઘરના સભ્યો સાથે અનુકૂલન સાધવામાં મુશ્કેલી ઉભી થાય છે.

ટૂંકમાં એવું કહી શકાય કે ભારતીય સમાજ પિતૃસત્તાક, પિતૃવંશીય તથા પિતૃસ્થાનીય સમાજવ્યવસ્થા ધરાવે છે. આમાં, સ્ત્રી જ્યારે લગ્ન કરીને સાસરીમાં જાય છે. ત્યારે સ્ત્રીની વ્યક્તિમતામાં તેના કુટુંબના મૂલ્યો, રીતિરીવાજો, માન્યતાઓ વગેરે આત્મસાર થયેલો હોય છે. સાસરીપક્ષે નવા નીતિનિયમો મૂલ્યો, રોજબરોજની દૈનિક જીવનશૈલી વગેરેમાં ભિન્નતા હોય છે. આ ભિન્નતા સ્ત્રીને અનુકૂલન સાધવામાં અવરોધક બને છે. જે સ્ત્રીના સ્વભાવમાં લવચીકાતા (Flexibility) હોય તે ખુબ જલ્દી અનુકૂલન સાધે છે. પરંતુ આવે લવચીકતા ઓછી હોય ત્યાં સંઘર્ષનું પ્રમાણ વધુ જોવા મળે છે. અને ક્યારેક આવા સંઘર્ષો એ છૂટાછેડાનું રૂપ ધારણ કરે છે.

આજના જમાનામાં શિક્ષણની સાથે સંસ્કારી સર્વગુણ સંપન્ન હોય તેવી પુત્રવધુની અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ જ્યારે સ્ત્રી લગ્ન કરીને સાસરીમાં આવે છે. ત્યારે તેના રીતરિવાજો, સામાજિક વાતાવરણ, કૌટુંબિક પ્રશ્નો, લગ્ન સમયના આર્થિક વ્યવહારો વગેરે અનુકૂલનાને લગતા કારણો છે. પરંતુ વર્તમાન સમયમાં આમ, હવે પરિવર્તન આવેલું જોવા મળે છે. સમાજશાસ્ત્રી [3]જહોન્સન સામાજિક કે સમાજના રચનાતંત્રમાં આવતું પરિવર્તન એટલે સામાજિક પરિવર્તન.

---

[3] જ્હોનસન્સ – સમાજશાસ્ત્ર પરિચય, પે. ૧૮૪

**સંદર્ભ સૂચી**


- ડૉ. ચંદિકા રાવલ – સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ
- શકુંતલા પારેખ – સાંપ્રતકાળની નારીની સમસ્યા
- પ્રો.એ.જી. શાહ, પ્રો. જે. કે. દવે – ભારતીય સમાજ અને ભારતમાં સામાજિક સંસ્થાઓ.
- Dr. Arvind S. Shah – Psychology of Sex and Married Life.
- ડૉ. અનીલ વાઘેલા – લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધી રિક્ત સંબંધ, ૨૦૦૫
- ડૉ. તારાબેન પટેલ – ભારતીય સમાજવ્યવસ્થા.